RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 28* Date: 17.11.2022, Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક પરથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું

### ઘાટલોડિયા વાળા બોલો કાશ્મીર આપણું છે કે નહિ, ૩૭૦ કલમનું બિલ લઈને ઉભો થયો ત્યારે બધા કાઉ કાઉ કરતા હતાં : અમિત શાહ

અમદાવાદ,તા.૧૬

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક પરથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું ફોર્મ ભરતા પહેલા મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહપ્રધાન અમિત શાહ રેલી યોજી શક્તિપ્રદર્શન કર્યું હતું અને સવારે ભુપેન્દ્રભાઈ પટેલે ફોર્મ ભરવા જતાં પહેલા ત્રિમંદીર ખાતે આત્માજ્ઞાની દિપકભાઈ દેસાઈના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.ત્યારબાદ ઘાટલોડિયા વિસ્તારમાંથી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું આ રોડ શોમાં અમિત શાહ જોડાયા હતાં અમિત શાહ પ્રભાત ચોક પહોંચતાની સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમિત શાહનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલે રોડ શો શરૂ કર્યો હતો અને એસજી હાઈવે સોલા ભાગવત પાસે ઘાટલોડિયા વિધાનસભા મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ઘાટલોડિયાના દરેક નાગરીકો મારા પરિવારજનો છે. દરેકનો સહકાર મળ્યો છે એટલે જ લાગી રહ્યું છે કે આ ગુજરાત મેં બનાવ્યું છે. અહીં સંતો પણ હાજર છે. તેઓ આશિર્વાદ આપે. જયારે અમિત શાહે સંબોધનમાં કહ્યું હતું કે, આજે ભૂપેન્દ્ર ભાઈના ફોર્મ ભરાવવા અનેક સમાજના લોકો આવ્યા છે. રબારી સમાજ પણ લાલ ચટક પાઘડી પહેરીને આવ્યો છે. ૧૯૯૦થી ભાજપે ગુજરાતમાં ચૂંટણી જીતવાનો વિક્રમ જાળવી રાખ્યો છે અને એટલા માટે શક્ય બન્યું છે કારણ કે ભારતીય જનતાની પાર્ટી પર જનતાના આશીર્વાદ રહ્યા છે. ૯૦થી આજ સુધી વિધાનસભા અથવા લોકસભાને ગુજરાતમાં જનતાએ ભાજપને પરાજય બતાવ્યો નથી. જેને જે હિસાબ લગાવવો હોય એ લગાવે, ડાયરીમાં લખી લો, બધા વિક્રમ તોડી સરકાર બનશે.

અમિત શાહે ઉમેર્યું હતું કે, ૧૯૯૫ થી ૨૨નો આ સમયગાળો, માત્ર ગુજરાત નહીં પણ દેશના લોકતાંત્રિક ઈતિહાસમાં શાસન કેવી રીતે થાય એનું ઉદાહરણ રહ્યું છે. હું યાદ કરાવવા માગુ છું કે ૮૫ થી ૯૫ સુધી કોમી હુલ્લડથી પિંખાતું, વેદના અનુભવતું ગુજરાત, વર્ષમાં ૨૫૦ દિવસ કરફ્યુ હોય એવું ગુજરાત, આજે ૨૦ વર્ષના છોકરાને પૂછો કરફ્યુ શું, એને ખબર ન હોય. છોકરો નદી પાર જાય તો માં માળા કરે, બાળકને પાછો લાવજો. વીએએસમાં મેં જોયું છે જે ગુજરાતને પરેશાન, પિંખતા આજે એમનીહિંમત નથી. ગુજરાતમાં કાકરિચાળાની કોઈ ઘટના બનતી નથી. ૨૦૦૨ થી ૨૨નો સમય જનતાના વિશ્વાસન રહ્યો છે. અમિત શાહે ઉમેર્યું હતું કે, પાકિસ્તાનથી જોડાયેલી સરહદ, અનેક ગેરકાનૂની પ્રવૃતિ થતી હતી. હથિયાર, ચરસ આવતું, આજે આખું લિસ્ટ સમાપ્ત થયું છે, જનતા ચેન (શાંતિ)થી જીવે છે. મોદી સરકારે અમદાવાદથી મુંબઈ સાથે ૮ હાઈ-વે બનાવ્યા, વિકાસ લોકો સુધી પહોંચાડ્યો છે. અગાઉ ગામ ભગાતા જતા હતા, બધા શહેર આવતા, ઝૂંપડીઓ વધતી જતી હતી. પરંતુ હવે ગામમાં ૭ કલાક વીજળી આવતી થઈ છે. મોદીજી આવ્યા અને ૨૪ કલાક વીજળીનો વાયદો કર્યો. ૨૦૦૫ થતા સમગ્ર દેશમાં ગામડાઓમાં ૨૪ કલાક વીજળી ભાજપે આપી.અમિત શાહે કહ્યું, કોંગ્રેસની સરકારમાં મેં જુવાનીમાં જોયું છે ૩ વર્ષ દુકાળ હતો. ગાંધીનગરથી રાજકોટ પાણીની ટ્રેન દેખાડો કરવા મોકલતા હતા. ઘરમાં ૩ ફૂટ ઉંચી પાણીની ચકલી નાખવી પડતી હતી. પરંતુ અમે નર્મદા લાવ્યા, દરવાજા લગાવ્યા, ૧૩ હજાર ગામડાઓમાં પાણી પહોંચાડ્યું અને પાણીની અછતથી રાજયને મુક્ત કર્યું. અમારી સરકારે પાણીના સ્તર ઉંચા લાવવાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. હું તો અહીં ૨૫ વર્ષ ધારાસભ્ય રહ્યો છું, આ વિસ્તાર બનતા જોયો છે. હવે સાંસદ છું, ૨૮ વર્ષથી જોઈ રહ્યો છું. અમિત શાહે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દર ૫ વર્ષે આવી જાય છે સરકાર આવે છે. અરે બોર્ડ લગાવ્યા અમારું કામ બોલે છે. અરે ૨૭ વર્ષથી અમે છીએ, તમે શું કામ કર્યું? બોર્ડ પર સોનિયાબેનનો ચહેરો લગાવી દીધો. તમારી એટલી આબરૂ નથી કે કહો અને લોકો માને. આબરૂ મોદીજીએ બનાવી છે. અમિત શાહે જણાવ્યું હતું કે, સોમનાથથી અયોધ્યા યાત્રા કરી હતી. મંદિર વહી બનાએંગે કહ્યું હતું, જ્યાં પ્રભુનો જન્મ થયો ત્યાં મંદિર બને, પણ કોંગ્રેસીયા થવા નાં દે. ૧૦ વર્ષ પાછા આવ્યા, અમને સવાલ કરે કે મંદિર વહી બનાએંગે, તિથિ નહીં બતાયેંગે. અરે રાહુલ બાબા જાન્યુઆરી ૨૪ની ટીકીટ કઢાવો, મંદિર ભવ્ય બની રહ્યું છે.

અમિત શાહે જણાવ્યું હતું કે, ઘાટલોડિયા વાળા બોલો કાશ્મીર આપણું છે કે નહિ. નહેરુની ભૂલને કોંગ્રેસે બાળકની જેમ પંપાડ્યું. મોદીજીએ એક ઝાટકે આ કલમ ઉખાડી નાંખી.




## નાશિકમાં ફક્ત ૫ વર્ષના ટૂંકા ગાળામાં ૧૦ હજાર છૂટાછેડાના કેસ

મુંબઈ,તા.૧૬

મોબાઈલ ફોનને લીદે લોકોના જીવનમાં કેવો ઝંઝાવાત આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ તાજેતરમાં નાશિકથી બહાર આવેલ એક ચોંકાવનારો આંકડો છે. આ આંકડા મુજબ નાશિકમાં ફક્ત પાંચ વર્ષના ટૂંકા ગાળામાં ૧૦ હજાર છૂટાછેડાના કેસો નોંધાયા છે. આ છૂટાછેડા પાછળનું મુખ્ય કારણ 'મોબાઈલ ફોન' હોવાનું પણ બહાર આવ્યું છે. નાશિક જિલ્લામાં બનેલ છૂટાછેડાના આ મોટા પ્રમાણે લોકોની ચિંતામાં વધારો કરાવ્યો છે. કારણ કે છૂટાછેડાના આવા મોટા પ્રમાણને લીધે કુટુંબ વ્યવસ્થા પડી ભાંગી રહી છે. ઉક્ત આંકડાઓ પર નજર કરીએ તો નાશિક જિલ્લામાં દરરોજ છૂટાછેડાના ૧૫ કેસ કોર્ટમાં નોંધાઈ રહ્યા છે.

છૂટાછેડાના મુખ્ય કારણ પાછળ મોબાઈલ કારભૂત છે. કારણ કે યુવાવર્ગ મોબાઈલના એટલા આધીન બની ગયો છે કે નોકરી-વ્યવસાય, કેરિયર, કુટુંબ, પત્ની-બાળકો પર યોગ્ય ધ્યાન આપી શકતો નથી અને વધુમાં વધુ સમય મોબાઈલ પર વ્યતીત કરે છે. ડિજિટલ યુગને લીધે હવે ઓનલાઈન ભણતર, વર્કફ્રોમ હોમ આદિને લીધે ઘરના તમામ સદસ્યો પોતાના સ્વતંત્ર મોબાઈલ ધરાવે છે. પતિ-પત્ની વચ્ચે તેમજ માતા-પિતા અને બાળકો વચ્ચેનો સંવાદ ઘટયો છે. આ ઉપરાંત ફેસબુક, બોટ્‌સએપ, ઈન્સ્ટાગ્રામ સહિતના અન્ય સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ પણ ઘર ભાંગવામાં કારણભૂત બની રહ્યા છે. આ ઉપરાંત પતિ-પત્નીના સંબંધોમાં માતાનો વધારે પડતો હસ્તક્ષેપ સહિતના અન્ય કારણો પણ બહાર આવ્યા છે.નાશિક જિલ્લાના આ આંકડાથી સમાજનો સમજદાર વર્ગ આઘાત પામ્યો છે. કારણ કે નાશિક જેવા નાના શહેર/જિલ્લામાં જો છૂટાછેડાનું પ્રમાણ આટલું ઉચું હોય તો ખરેખર રાજ્ય અને દેશમાં પરિસ્થિતિ વધુ ચિંતાજનક હોઈ શકે છે.

## ભારતમાં ફરી એક વખત ધરા ધ્રુજી: અરુણાચલ પ્રદેશમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ

ઈટાનગર,તા.૧૬

ભારતમાં ફરી એક વખત ધરજી ધ્રુજી છે. છેલ્લા દિવસોમાં દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોને હચમચાવી દેનારા ભૂકંપે આ વખતે અરુણાચલ પ્રદેશના લોકોને આંચકો આપ્યો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી પ્રમાણે અરુણાચલ પ્રદેશના લેપા રાડા જિલ્લામાં સ્થિત બસર વિસ્તારમાં આજે સવારે ૯:૫૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જણાવવામાં આવ્યું હતું કે, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ હતી અને આ ભૂકંપનું કેન્દ્ર બસરથી દક્ષિણપૂર્વ દિશામાં ૧૦ કિલોમીટરની ઉંડાઈએ હતું. હાલમાં આ ભૂકંપમાં કોઈ જાન-હાનિના નુકસાનના સમાચાર નથી. જો કે, લોકોએ આ ભૂકંપના આંચકાને અનુભવ્યા અને ચોક્કસપણે ઘરોમાં વસ્તુઓ ધ્રુજતી જોઈ હતી.

આ અગાઉ નેપાળમાં શનિવારે ૫.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર એનસીઆરથી લઈને ઉત્તરાખંડ સુધી અનુભવાયા હતા. આ ભૂકંપ ઉત્તરાખંડના પિથૌરાગઢથી ૧૦૧ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવ્યો હતો. નેપાળના નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર બજાંગ જિલ્લાના પટાદેબલ ખાતે ૨૯.૨૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૮૧.૨૦ ડિગ્રી પૂર્વ રેખાંશમાં ૧૦ કિમીની ઊંડાઈએ હતું. નેપાળમાં એક અઠવાડિયામાં તે ત્રીજો ભૂકંપ હતો અને બિહાર સહિત ભારતના ઘણા ભાગોમાં તેની અસર વારંવાર જોવા મળી હતી.

## ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિએ ભારતને જી-૨૦ની અધ્યક્ષતા સોંપી

નવીદિલ્હી,તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જી ૨૦ સમિટમાં ડિજિટલ પરિવર્તન વિષય પર આધારિત ત્રીજા કાર્યકારી સત્રને સંબોધન કરશે. આ સંમેલનમાં ભારતને વર્ષ ૨૦૨૩ માટે ય૨૦ની અધ્યક્ષતા સોંપવામાં આવી છે .ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોએ ભારતને G૨૦ અધ્યક્ષપદ સોંપ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શિખર સંમેલનમાં અનેક નેતાઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે અને ભારત સાથેના સંબંધો અંગે સમીક્ષા કરશે. ઈન્ડોનેશિયા, સ્પેન, ફ્રાંસ, સિંગાપોર, જર્મની, ઈટલી, ઓસ્ટ્રેલિયા અને બ્રિટનના નેતાઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. પ્રધાનમંત્રીએ G૨૦ સમિટમાં દેશની ઉપલબ્ધિઓ અને વૈશ્વિક પડકારો સામે સામૂહિક રૂપે લડવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી G૨૦ સમિટ દરમિયાન અમેરીકાના રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ એકો વિડોડો સાથે ગઈકાલે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો કે G૨૦ સમિટ એ આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર પુરો પાડતો મંચ છે અને તેના થકી ઘણી આર્થિક મહાસત્તા ધરાવતા દેશો વૈશ્વિક પડકારોને પહોંચી વળવા સજજ થશે. તેમણે જણાવ્યું કે, G૨૦ દેશોની અર્થવ્યવસ્થામાં વિકાસ લાવવા ઉપરાંત ચાલી રહેલ આબોહવા પરિવર્તન, ઉર્જા તેમજ અન્ન સંકટનો સામનો કરવા વૈશ્વિક સ્વાસ્થ્ય માળખાને વધુ મજબુત કરવા તેમજ તકનીકી પરિવર્તનને પ્રોત્સાહિત કરવા માટે સાથે મળીને કામ કરી રહયું છે.

## હાઈકોર્ટ જજ લંચ લે, ત્યારે ડિસ્ટ્રક્ટ જજ ઊભા રહે છે, આવા વિચારો બદલો, યુવાનો આઈએએસ બનીને સિનિયરની બરાબરી કરે છેઃ સીજેઆઈ ચંદ્રચૂડ

નવીદિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે દેશમાં ડિસ્ટ્રિક્ટ જજોને પ્રત્યેના વર્તનને લઈને કટાક્ષ કર્યો છે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશનના એક કાર્યક્રમમાં સીજેઆઈએ કહ્યું કે, હાઈકોર્ટ જજોને જિલ્લા અદાલતોને સબ-ઓર્ડિનેટ માનવાની માનસિકતા બદલવી જોઈએ. તે આપણી સામંતવાદી માનસિકતા દર્શાવે છે. આ વિચારો બદલવાની જરૂર છે. કોઈ યુવાન આઈએએસ અધિકારી બને તો સિનિયર સાથે બરાબરીથી જ વાત કરે છે.

સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું કે, મને લાગે છે કે, સબ-ઓર્ડિનેટ સંસ્કૃતિને આપણે જ આગળ વધારી. આપણે જિલ્લા અદાલતોને નીચી ગણીએ છીએ. હું કહું છું કે, ડિસ્ટ્રિક્ટ જજોને સબ-ઓર્ડિનેટ જજો તરીકે ના બોલાવવા જોઈએ કારણ કે, તેઓ સબ-ઓર્ડિનેટ નથી.

સીજેઆઈએ કહ્યું કે, અનેક જગ્યાએ પરંપરા છે કે, જયારે હાઈકોર્ટ જજ લંચ કે ડિનર કરતા હોય છે, ત્યારે ડિસ્ટ્રિક્ટ જજ ઊભા રહે છે. તેઓ હાઈકોર્ટ જજને ભોજન પીરસવાનો પણ પ્રયાસ પણ કરે છે. હું જિલ્લા અદાલતની મુલાકાતે જતો, ત્યારે ભારપૂર્વક કહેતો કે, જ્યાં સુધી ડિસ્ટ્રિક્ટ જજ સાથે નહીં બેસે, ત્યાં સુધી ભોજન નહીં કરું. અનેકવાર ડિસ્ટ્રિક્ટ જજોને બેઠક માટે બોલાવાય છે, તો તેઓ હાઈકોર્ટ જજો સામે બેસવાની હિંમત નથી કરતા.

ચીફ જસ્ટિસ જિલ્લામાંથી પસાર થાય, ત્યારે ન્યાયિક અધિકારી જિલ્લાની સરહદે કતારમાં ઊભા રહે છે. આવા ઉદાહરણ આપણી સામંતવાદી માનસિકતા દર્શાવે છે. આ બધું બદલવું પડશે. આપણે આ વિચારો બદલીને મોડર્ન જયુડિશિયરી, ઈક્વલ જ્યુડિશિયરી તરફ આગળ વધવું પડશે. આ ડિસ્ટ્રિક્ટ જયુડિશિયરી પાયાના માળકામાં સુધારાથી નહીં થાય, પરંતુ આપણે માનસિકતા બદલવી પડશે. આપણે જિલ્લા ન્યયાતંત્રમાં સ્વાભિમાન પેદા કરવું પડશે.સીજેઆઈએ કહ્યું કે, યુવાન આઈએએસ અધિકારીઓ પોતાના સિનિયર સાથે સમાન સ્તરે વાત કરે છે. બંને વચ્ચે બરાબરીની ભાવના હોય છે. યુવાન અધિકારી સમાનતા સાથે ચર્ચાવિમર્શ કરે છે. તેનાથી ખબર પડે છે કે, ભારત કઈ તરફ જઈ રહ્યું છે. યુવાનોમાં શિક્ષણ, આત્મવિશ્વાસ અને આત્મસન્માનની ભાવના હોય છે. તેથી ન્યાયતંત્રમાં પેઢી દર પેઢી પરિવર્તન થઈ રહ્યું છે, જેમાં વધુને વધુ શિક્ષિતો આવી રહ્યા છે. પહેલા જયારે જૂની પેઢીના ટ્રાયલ જજ તેમની વાત કરતા હતા, તો દર બીજા વાક્યે 'હા, જી સર' બોલતા. હવે તો ન્યાયતંત્રમાં મહિલાઓ પણ આવી રહી છે. જો આપણે પરિવર્તન લાવવું હશે, તો પહેલા જિલ્લા ન્યાયતંત્રનો ચહેરો બદલવો પડશે.

## ગુજરાતમાં આવી રહેલી વૈભવી કારમાંથી રોકડા રૂ.૨ કરોડ ૬૦ લાખ મળી આવ્યા

ચિત્તોડગઢ,તા.૧૬

રાજસ્થાનના ચિત્તોડગઢના કોતવાલી પોલીસે નાકાબંધી દરમિયાન એક કારમાંથી રૂ.૨.૫ કરોડથી વધુ રોકડ જપ્ત કરી હતી.

કાર ચાલકે જણાવ્યું કે તે આ પૈસા લઈ ગુજરાત લઈ જઈ રહ્યો હતો.

આ કેસમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. કોટવાલી પોલીસ નિયમિત નાકાબંધી દરમિયાન વાહનોની તપાસ કરી રહી હતી, ત્યારે કોટા હાઈવે પર એક લક્ઝુરિયસ કાર આવી.

જ્યારે પોલીસે રોકી, ત્યારે કાર ચાલક અસ્વસ્થતા અનુભવવા લાગ્યો અને તે જવાની ઉતાવળમાં હતો. પોલીસને શંકા જતાં તેણે કારની તલાશી લીધી હતી. પોલીસને વાહનમાંથી પાંચ બોરીઓમાં રૂ. ૨ કરોડ ૬૦ લાખની રોકડ મળી આવી હતી. પોલીસે કાર ચાલક રમેશ કુમાર (૪૫ વર્ષ) અને તેના સાથી ઉત્તમજીત (ઉંમર ૫૦ વર્ષ)ની ધરપકડ કરી હતી.

વિક્રમ સિંહ પોલીસ ઓફિસર કોતવાલીના જણાવ્યા અનુસાર બંને ગુજરાત તરફ જઈ રહ્યા હતા અને આ પૈસા હવાલા થી બીજા સ્થાને પહોંચવાનો પ્લાન હતો.

બંને આરોપીઓ ઉદયપુરના છે. પોલીસે બંને પૈસા કોને આપવાના હતા તે અંગે તપાસ શરૂ કરી છે.

## આઝમગઢમાં દિલ્હીના શ્રદ્ધા હત્યાકાંડ જેવો જ એક હત્યાનો કેસ સામે આવ્યો

આઝમગઢ,તા.૧૬

ઉત્તરપ્રદેશના આઝમગઢમાં દિલ્હીના શ્રદ્ધા હત્યાકાંડ જેવો જ એક હત્યાનો કેસ સામે આવ્યો છે. અહિંયા કુવામાં ૨૨ વર્ષિય યુવતિનો મૃતદેહ મળ્યો છે. મૃતદેહને ૫ ટૂકડામાં કાપીને ફેંકવામાં આવ્યો છે. રેપ કરી યુવતિની હત્યા થયાની આશંકા વર્તાઈ રહી છે.

આ મામલો આઝમગઢના અહીરૌલા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના પશ્ચિમ પટ્ટી ગામની ગૌરી કા પુરાનો છે. અહિંયા રસ્તાની બાજુમાં એક કૂવો છે. મંગળવારે કુવામાંથી દુર્ગંધ આવતા લોકોએ અંદર જોયું તો મૃતદેહ મળ્યો. પોલીસને સૂચના મળતા કુવામાંથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો. મૃતદેહની ઓળખ થઈ શકી નથી. કુવામાંથી નીકાળવામાં આવેલો મૃતદેહ પાંચ ટૂકડામાં મળ્યો. યુવતિના હાથ-પગ કાપીને અલગ-અલગ કરવામાં આવ્યા છે. માથું હજુ સુધી મળ્યું નથી. એક હાથમાં કડું અને બીજા હાથમાં ઘડિયાળ પહેરેલી છે. યુવતિના રેપની આશંકા વર્તાઈ રહી છે.

પોલીસે ઘટના સ્થળે ડોગ સ્ક્વોડ અને ફોરેન્સિક ટીમને બોલાવી. મૃતદેહ ૨ દિવસ જૂનો જણાઈ રહ્યો છે. પોલીસનું કહેવું છે યુવતિને બીજે ક્યાંય મારી અને અહિંયા ફેંકવામાં આવી છે. એસપી અનુરાગ આર્યએ જણાવ્યું કે ટીમે પુરાવા એકત્ર કર્યા છે. તેઓને તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

### આપના ધારાસભ્ય પર

## એમસીડી ચૂંટણીમાં ટિકિટ માટે રોકડના મામલામાં ૯૦ લાખ રૂપિયાની માંગ કરવાનો આરોપ

નવીદિલ્હી,તા.૧૬

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય પર દિલ્હીની એમસીડી ચૂંટણીમાં ટિકિટ માટે રોકડના મામલામાં ૯૦ લાખ રૂપિયાની માંગ કરવાનો આરોપ છે. ફરિયાદના આધારે એસીબીએ ધારાસભ્ય અખિલેશ પાટી ત્રિપાઠીના સાળા વિશાલ પાંડે ઉર્ફે શિવ શંકર પાંડેની ધરપકડ કરી છે. વિશાલની સાથે એસીબીએ તેના સાથી ઓમ સિંહ અને પ્રિન્સ રઘુવંશીની પણ ધરપકડ કરી છે. આરોપ છે કે ધારાસભ્યએ સ્ઝ્ઢના કમલા નગર વોર્ડ નંબર ૬૯થી છછઁ કાર્યકર શોભા ખારીને ટિકિટ અપાવવાનું વચન આપ્યું હતું. આ માટે ૯૦ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી.

શોભા ખારીએ જ એસીબીને ફરિયાદ કરી છે. તેણે કહ્યું કે તેમાંથી તેણે ધારાસભ્ય અખિલેશ પતિ ત્રિપાઠીને ૩૫ લાખ રૂપિયા પણ આપ્યા હતા. આ સિવાય તેણે વજીરપુરના ધારાસભ્ય રાજેશ ગુપ્તાને ૨૦ લાખ રૂપિયા પણ આપ્યા હતા. બાકીના ૩૫ લાખ રૂપિયા ટિકિટ મળ્યા બાદ આપવાના હતા. આમ છતાં તેમનું નામ ટિકિટ લિસ્ટમાં આવ્યું ન હતું. આવી સ્થિતિમાં તેણે પોતાના પૈસા પાછા માંગવાનું શરૂ કર્યું. આ પછી અખિલેશપતિ ત્રિપાઠીના સાળા ઓમ સિંહે તેમની સાથે વાત કરી. ટૂંક સમયમાં તેમના પૈસા પરત કરી દેવાશે તેવી ખાતરી આપી હતી. પરંતુ શોભા ખારીએ એસીબીમાં ફરિયાદ આપી હતી. બીજી તરફ બીજેપી નેતા કપિલ મિશ્રાએ આ મામલે આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે.

શોભા ખારીની ફરિયાદ પર એસીબીએ ધારાસભ્યને રંગે હાથે પકડવા માટે છટકું ગોઠવ્યું હતું. ૧૫-૧૬ નવેમ્બરની રાત્રે ધારાસભ્ય પૈસા પરત કરશે તેવો નિર્ણય લેવાયો હતો. સમયસર ધારાસભ્યના સાળા ઓમ સિંહ, શિવશંકર પાંડે અને પ્રિન્સ રઘુવંશી આ રકમ લઈને શોભાના ઘરે પહોંચ્યા. અહીં એસીબીની ટીમ પહેલેથી જ સ્વતંત્ર સાક્ષી સાથે હાજર હતી. આ ટીમે પૈસા આપતા આ ત્રણેયનો વીડિયો બનાવીને સ્થળ પરથી ધરપકડ કરી હતી.

ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ સાથે ધારાસભ્યને લાંચની રકમ આપ્યાનો વીડિયો પણ રજૂ કર્યો છે. આ પુરાવાના આધારે છઝમ્એ આ કાર્યવાહી કરી છે. છઝમ્ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩૩ લાખ રૂપિયાની વસૂલાત રકમ સ્ઝ્ઢ ચૂંટણી માટે ટિકિટ મેળવવા માટે લેવામાં આવી હતી. એસીબીએ સમગ્ર જથ્થો જપ્ત કર્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર હવે ટીમ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ મામલામાં વધુ કેટલા લોકો સામેલ છે.



# રાજકોટમાં રખડતાં ઢોરના આતંકનોઃ વૃદ્ધનો જીવ ગયો

રાજકોટ,તા.૧૬

ચૂંટણી જાહેર થયા બાદ રખડતા ઢોર પકડવાની કામગીરી જાણે કે ગોકળગતિએ ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે. જ્યારે બીજી તરફ દૂધ લેવા નીકળેલા વૃદ્ધને ગાયે ઢીંકે ચડાવી મોતના મુખ સુધી પહોંચાડ્યાનો બનાવો સામે આવ્યો છે. આ સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસ દ્વારા રખડતા ઢોરના અજાણ્યા માલિક સામે ગુનો નોંધી તેની શોધખોળની કામગીરી શરૂ કરી છે. રાજકોટમાં રખડતા ઢોરે કોઈ નાગરિકનો ભોગ લીધો હોય તે પ્રકારનો પ્રથમ ગુનો પોલીસ ચોપડે નોંધાયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં આવતા ત્રિલોક પાર્કમાં રહેતા વૈભવ ઠકરાર નામના વ્યક્તિએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે જણાવ્યું છે કે, ગત આઠમી તારીખના રોજ માર્કેટિંગ યાર્ડમાં કમિશન એજન્ટનું કામ કરતા પિતા રસિકલાલ ઠકરાર ઘર પાસે દૂધ લેવા પગપાળા ગયા હતા. તે દરમિયાન ગાયે તેમને અડફેટે લીધા હતા. સમગ્ર બનાવવાની જાણ થતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. દરમિયાન અજાણ્યા લોકોએ પણ ગાયને દૂર કરવાની કોશિશ કરી હતી, પરંતુ ગાય ત્યાંથી દૂર જતી જ નહોતી. સમગ્ર મામલે મારા પિતાની હાલત ગંભીર હોય તેમને તાત્કાલિક અસરથી સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમને સારવાર મળે તે પૂર્વે જ તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

# બ્રિટેનના વડાપ્રધાને દર વર્ષે ૩૦૦૦ ભારતીય યુવા પ્રોફેશનલ્સને યુકેના વિઝા આપવાનુ એલાન કર્યુ




બાલી,તા.૧૬

બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનકે ઈન્ડોનેશિયામાં જી૨૦ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત બાદ મોટો નિર્ણય કર્યો છે. તેમણે ભારતીય છાત્રોના વિઝા અંગે મહત્વનો નિર્ણય લીધો છે. તેમણે દર વર્ષે ૩૦૦૦ ભારતીય યુવા પ્રોફેશનલ્સને યુકેના વિઝા આપવાનુ એલાન કર્યુ છે. બ્રિટિશ સરકારનુ કહેવુ છે કે આ પ્રકારની યોજનાથી લાભાન્વિત થનાર ભારત પહેલો દેશ છે.

બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનકે કહ્યુ કે, 'આજે યુકે-ભારત યંગ પ્રોફેશનલ્સ સ્કીમની પુષ્ટિ કરવામાં આવી છે. ૧૮-૩૦ વર્ષ સુધીના ડિગ્રી ધારક યુવાનોને યુકેમાં આવવા અને બે વર્ષ સુધી કામ કરવા માટે ત્રણ હજાર વિઝા આપવામાં આવી રહ્યા છે.' તમને જણાવી દઈએ કે બ્રિટન તરફથી આ મોટી જાહેરાત ઈન્ડોનેશિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સુનક વચ્ચેની મુલાકાત બાદ કરવામાં આવી છે. બંને નેતાઓ જી૨૦ની ૧૭મી આવૃત્તિમાં ભાગ લેવા ઈન્ડોનેશિયા પહોંચ્યા છે. યુકેના વડાપ્રધાન બન્યા બાદ સુનકની વડાપ્રધાન મોદી સાથેની આ પ્રથમ મુલાકાત હતી.

તમને જણાવી દઈએ કે યુકે-ઈન્ડિયા યંગ પ્રોફેશન્સ સ્કીમ હેઠળ યુકે ૩૦૦૦ ભારતીય યુવાનોને યુકે આવવા માટે આમંત્રણ આપશે અને બે વર્ષ માટે યુકેમાં કામ કરવા માટે વિઝા આપશે. ભારત આ સ્કીમ યુકેના લોકોને પણ આપશે. ડાઈનિંગ સ્ટ્રીક દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે ભારત અને યુકે વચ્ચેના સંબંધોના સંદર્ભમાં આ યોજના ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઈન્ડો પેસિફિક ક્ષેત્રના અન્ય દેશો કરતાં યુકેની ભારત સાથે ઘણી ઊંડી કડી છે. યુકેમાં લગભગ એક ચતુર્થાંશ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ભારતના છે, ભારતીય રોકાણથી યુકેમાં ૯૫,૦૦૦ નોકરીઓનુ સર્જન કરે છે.

# શ્રદ્ધા મર્ડર કેસ : આવા લોકોને ખુલ્લેઆમ ફાંસી આપવી જોઈએ : સંજય રાઉત

મુંબઇ,તા.૧૬

દિલ્હીમાં શ્રદ્ધા મર્ડર કેસથી ખળભળાટ મચી ગયો છે. હવે આ મામલે રાજકીય પ્રતિક્રિયાઓ પણ સામે આવી રહી છે. વિપક્ષ અને શાસક પક્ષના ઘણા નેતાઓ આકરી સજાની માંગ કરી રહ્યા છે. આ ક્રમમાં ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે પણ આ મામલે મોટું નિવેદન આપ્યું છે. રાઉતે કહ્યું કે તેને લવ-જેહાદ કહો કે બીજું કહો, પરંતુ અમારી છોકરીઓ મરી રહી છે. કાયદો કંઈ કરશે નહીં, સમાજે પોતે જ પદ છોડવું પડશે. સંજય રાઉત હાલમાં જ જામીન પર જેલમાંથી બહાર આવ્યા છે. આફતાબ અમીન પૂનાવાલાએ (૨૮) પાંચ મહિના પહેલા દક્ષિણ દિલ્હીના મહેરૌલીમાં તેની મહિલા મિત્ર શ્રદ્ધા વોકરની હત્યા કરી હતી અને તેના શરીરના લગભગ ૩૫ ટુકડા કરી દીધા હતા.

બાળકીના પિતાની ફરિયાદ બાદ મામલો પ્રકાશમાં આવ્યો હતો.

શ્રદ્ધા અને આરોપી યુવક આફતાબ અમીન પૂનાવાલા (૨૮) એકસાથે દારૂ અને સિગારેટનું સેવન કરતા હતા, પોલીસને આવા અનેક પુરાવા મળ્યા છે.

તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે તેઓ એકબીજા સાથે લગ્ન કરવા માંગતા ન હતા, તેઓ નશો કરીને ઝઘડો કરતા હતા. ઘટનાના દિવસે પણ શ્રદ્ધાએ નશાની હાલતમાં વાસણો ફેંકીને આફતાબને મારવાનું શરૂ કરી દીધું હતું. જેનાથી ગુસ્સે થઈને આફતાબે શ્રદ્ધાની હત્યા કરી નાખી. કાવતરાના ભાગરૂપે, આરોપીઓએ શ્રદ્ધાના મૃતદેહનો નિકાલ કર્યો.

લાશનો નિકાલ કરવા માટે આરોપીઓ ક્રાઈમ પેટ્રોલ અને અંગ્રેજી ફિલ્મો જોતા હતા.

# રેલવેના ઈતિહાસમાં પહેલીવાર ગુજરાત જતી ટ્રેનોમાં ફાફડા, ઢોકળા તો મહારાષ્ટ્રની ટ્રેનોમાં વડાપાવ મળશે

**બોર્ડે આઇઆરસીટીસીને અધિકાર આપ્યો છે કે તેઓ મેનુમાં પોતાની રીતે ફેરફાર કરી શકે.**



નવીદિલ્હી,તા.૧૬


રેલવેના ઈતિહાસમાં પહેલીવાર મુસાફરોને સ્થાનિક વાનગી (પ્રાદેશિક ભોજન)નું મેનુ કાર્ડ આપવામાં આવશે. ડાયાબિટીસના દર્દીઓ, બાળકો અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત મુસાફરોને હવે ઓન-બોર્ડ વિકલ્પોની શ્રેણી પ્રદાન કરવામાં આવશે. મંગળવારે રેલવે બોર્ડના આદેશમાં કહેવામાં આવ્યું છે કે આઈઆરસીટીસી ને સ્થાનિક અને પ્રાદેશિક ભોજન તેમજ ડાયાબિટીસના દર્દીઓ, બાળકો અને આરોગ્ય પ્રેમીઓ માટે યોગ્ય ખોરાકનો સમાવેશ કરવા માટે તેમના મેનુમાં ફેરફાર કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. બોર્ડે ભારતીય રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશનને પોતાની ફૂડ કેટરિંગ સેવાઓ સુધારવા અને મુસાફરોને વધુ વિકલ્પો ઉપલબ્ધ કરાવવાના હેતુથી તેનું મેનુ બદલવાની મંજૂરી આપી હતી.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'ટ્રેનમાં કેટરિંગ સેવાઓમાં સુધાર કરવામાં આવી રહ્યો છે. આને આગળ વધારતા,આઈઆરસીટીસીને મેનુને કસ્ટમાઇઝ કરવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેથી કરીને પ્રાદેશિક ભોજન, મોસમી વાનગીઓ, તહેવારોના ભોજન અને મુસાફરોની વ્યક્તિગત પસંદગીઓના આધારે અન્ય વ્યંજનોનો સમાવેશ કરી શકાય. આ સાથે મુસાફરોને ડાયાબિટીક ફૂડ, બેબી ફૂડ, હેલ્થ ફૂડના વિકલ્પો પણ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી રેલ્વે બોર્ડ ભોજનનું મેનુ નક્કી કરતું હતું. રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર જેવા દક્ષિણ અને પશ્ચિમી રાજ્યોના મુસાફરો તરફથી એવી ફરિયાદો આવી હતી કે તેઓને પ્રાદેશિક ભોજન મળતો નથી કારણ કે રેલવે પાસે માત્ર એક જ પ્રકારની ખાણા-પીણી છે. આ પહેલીવાર છે જ્યારે બોર્ડે આઈઆરસીટીસીને અધિકાર આપ્યો છે કે તેઓ મેનુમાં પોતાની રીતે ફેરફાર કરી શકે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આનાથી માત્ર ખોરાકની ગુણવત્તા સુધારવામાં જ મદદ નહીં મળે પરંતુ ડેસ્ટિનેશન પ્રમાણે મેનુને કસ્ટમાઇઝ કરવાની પણ છૂટ મળશે. ઉદાહરણ તરીકે, ગુજરાત જતી ટ્રેનોમાં ફાફડા, ઢોકળા અને અને મહારાષ્ટ્ર જતી ટ્રેનોમાં વડાપાવ જેવી સ્થાનિક વાનગીઓ મળશે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જે પ્રીપેડ ટ્રેનોમાં કેટરિંગ ચાર્જ પેસેન્જર ભાડામાં સામેલ છે તેમાં મેનુ IRCTC દ્વારા પહેલેથી જ સૂચિત ટેરિફમાં નક્કી કરવામાં આવશે.

મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં એમઆરપી પર અ-લા-કાર્ટે ફૂડ અને બ્રાન્ડેડ ખાદ્યપદાર્થોના વેચાણની મંજૂરી આપવામાં આવશે. આવા અ-લા-કાર્ટે ભોજન માટે મેનુ અને શુલ્ક IRCTC દ્વારા નક્કી કરવામાં આવશે. બોર્ડે તેના આદેશમાં આઈઆરસીટીસીને જણાવ્યું હતું કે મેનુ નક્કી કરતી વખતે, તેણે ખાતરી કરવી પડશે કે ખોરાક અને સેવાની ગુણવત્તા અને ધોરણો સુધરે અને જથ્થામાં વારંવાર કાપ ન આવે તેમજ ગુણવત્તા જાળવી રાખવામાં આવે. સાથે જ મુસાફરોની ફરિયાદો ટાળવા માટે ગુણવત્તા જાળવી રાખે, હલકી ગુણવત્તાવાળી બ્રાન્ડ વગેરેનો ઉપયોગ કરે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે મેનુ ટેરિફ સુસંગત હોવું જોઈએ અને મુસાફરોની માહિતી માટે મેનુ પૂર્વ-સૂચિત હોવું જોઈએ.

# બોલિવૂડમાં ફલોપ થતાં 'મિસ વર્લ્ડ' માનુષી છિલ્લરે સાઉથનો રસ્તો પકડ્યો



મુંબઈ,તા.૧૬

મિસ વર્લ્ડનો તાજ પોતાના સિરે સજાવનારી માનુષી છિલ્લકર માટે ૨૦૨૨ ખૂબ જ મહત્વપૂર્ણ હતું કારણકે તેણીની ડેબ્યૂ ફિલ્મ સમ્રાટ પૃથ્વીરાજ સિનેમાઘરોમાં આવવાની હતી. દરેક લોકો માનુષીને ફિલ્મમાં જોવા તલપાપડ થઈ રહ્યા હતાં. જોકે, માનુષીની ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ છે. એ અલગ વાત છે કે, તેનાથી માનુષીના કામ પર કોઈ ખાસ ફરક નથી પડ્યો. કારણકે 'સમ્રાટ પૃથ્વીરાજ'ના નિર્માતા ફિલ્મનું કોઈ પરિણામ આવે તે પહેલા જ તેણીને અન્ય એક ફિલ્મ માટે સાઈન કરી ચુક્યા હતાં. ત્યારબાદ જૉન અબ્રાહમની સામે પણ માનુષીને એક ફિલ્મ મળી. પરંતુ, હાલ બોક્સ ઓફિસ પર જે રીતે બોલિવૂડની ફિલ્મોનો ખરાબ હાલ થઈ રહ્યો છે તે જોઈને માનુષી પાસે જેવી સાઉથની ફિલ્મ માટે ઓફર આવી તેણીએ જરાય મોડુ કર્યા વિના ફિલ્મને હા પાડી દીધી.

ખબર મળી રહી છે કે, સાઉથમાં માનુષીનું ડેબ્યૂ તેલુગુ ફિલ્મની સાથે થવા જઈ રહ્યુ છે. તેલુગુ સ્ટાર વરુણ તેજની સામે માનુષીએ આ ફિલ્મ સાઈન કરી છે. પૂર્વ મિસ વર્લ્ડ ફિલ્મમાં વરુણની લીડ હિરોઈન હશે. આ એક એક્શન-રોમેન્ટિક ફિલ્મ છે. ફિલ્મને શક્તિ પ્રતાપ સિંહ હાડા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે.

સૂત્રો અનુસાર, હાડાએ કોઈ બોલિવૂડ હિરોઈનને લઈને ફિલ્મ બનાવવાની યોજના એટલે બનાવી કારણકે, તે તેલુગુ ફિલ્મને બે ભાષાઓમાં બનાવશે. ફિલ્મ તેલુગુ ભાષાની સાથે હિન્દી ભાષામાં પણ રિલીઝ થવા જઈ રહી છે.

હાડાને આશા છે કે માનુષીના કારણે તે ઉત્તર ભારતીય દર્શકોને પોતાની ફિલ્મ તરફ આકર્ષિત કરી શકશે.

# ચીનમાં કોરોનાનો ધડાકો, સરકારે લગાવ્યું કડક લોકડાઉન, લોકો રસ્તા ઉપર ઉતર્યા



હવે દુનિયામાં કોરોનાની ઝડપ ઘણી હદે થંભી ગઈ છે. પરંતુ ચીન હજુ સુધી આ વાયરસની ચુંગાલમાંથી બહાર નીકળી શક્યું નથી. થોડા દિવસો પહેલા, કોવિડના નવા કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, ત્યારબાદ વહીવટીતંત્રે લોકડાઉનમાં રાહત આપી હતી, પરંતુ હવે સ્થિતિ ફરી વધુ ખરાબ થતી જોવા મળી રહી છે. દક્ષિણ ચીનના શહેર ગુઆંગઝૂમાં લોકોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા. અહીં લોકો કોરોના પ્રતિબંધોથી કંટાળી ગયા છે અને હવે તમામ પ્રકારના પ્રતિબંધોમાંથી મુક્તિ મેળવવા માંગે છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં મોડી રાત્રે હૈઝોઉ જિલ્લામાં લોકો પોલીસ વાહનને પલટી નાખતા જોવા મળ્યા હતા. ગુઆંગઝૂના એક રહેવાસીએ જણાવ્યું કે ગઈકાલે રાત્રે ત્યાં ખૂબ જ તંગ વાતાવરણ હતું. બધાએ ઘરના દરવાજા બંધ કરી દીધા હતા. વિરોધ અમારા ઘરથી માત્ર એક કિલોમીટર દૂર થઈ રહ્યો હતો. મંગળવારે ચીનમાં ૧૭,૭૭૨ નવા કોરોના કેસ સામે આવ્યા છે. જે સોમવારના એક દિવસ પહેલા ૧૬,૦૭૨ છે અને એપ્રિલ પછી સૌથી વધુ છે. ગુઆંગઝૂમાં કોવિડ-૧૯ના મોટાભાગના કેસો માત્ર હૈઝોઉ વિસ્તારમાં છે. ગુઆંગઝૂમાં સોમવારે ૫,૦૦૦ થી વધુ કેસ નોંધાયા હતા.

અન્ય પ્રાંતોના સેંકડો પરપ્રાંતિય મજૂરો હૈઝોઉ જિલ્લામાં કાપડ ઉદ્યોગમાં કામ કરે છે. કડક લોકડાઉનને કારણે તેમની સામે આજીવિકાનો ખતરો છે. તેઓ વારંવાર તેને હટાવવાની માંગ કરી રહ્યા છે. સત્તાવાળાઓએ ઓક્ટોબરના અંતમાં ડઝનેક રહેણાંક વિસ્તારોને ઓળખીને નિયંત્રણો લાદ્યા હતા. સોમવારે, જિલ્લાના લગભગ બે તૃતીયાંશ વિસ્તારને આવરી લેતા લોકડાઉન ઓર્ડરને બુધવારે રાત સુધી લંબાવવામાં આવ્યો હતો.

ચીનના શાસક પક્ષે મંગળવારે વિવિધ સ્થળોએ નિયમો હળવા કર્યા પછી જાહેર ધારણાને નિયંત્રિત કરવાના પ્રયાસરૂપે શૂન્ય કોવિડ નીતિનું કડક પાલન કરવાની હાકલ કરી હતી. કોમ્યુનિસ્ટ પાર્ટીના મુખપત્ર પીપલ્સ ડેઈલીએ પોતાના તંત્રીલેખમાં કહ્યું છે કે ૧.૪ અબજની વસ્તી ધરાવતા આ દેશમાંથી કોરોના વાયરસને સંપૂર્ણ રીતે ખતમ કરવાના પ્રયાસમાં ચીને કોઈ પણ ખચકાટ વિના આવી નીતિ લાગુ કરવી જોઈએ. પરીક્ષણ કરવું જોઈએ. અને લાખો લોકોને લોકડાઉનમાં રાખવા જોઈએ.

પાર્ટીનો આ કોલ એવા સમયે આવ્યો છે જયારે દેશમાં લોકડાઉનમાં થોડી રાહત આપ્યા બાદ છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૭૭૨ નવા કેસ સામે આવ્યા છે. બેઇજિંગની બહારની સૌથી મોટી પ્રાંતીય રાજધાની શિજિયાઝુઆંગમાં મફત પરીક્ષણ કેન્દ્રો પણ એક દિવસ માટે બંધ રહ્યા પછી ફરીથી ખોલવામાં આવ્યા. બેઈજિંગમાં પણ તાજેતરના દિવસોમાં ઘણા પરીક્ષણ કેન્દ્રો બંધ કરવામાં આવ્યા હતા, પરંતુ મંગળવારે તેમાંથી ઘણા ખોલવામાં આવ્યા હતા.

# પૉલ પોગ્બાથી લઈ રીસ જેમ્સ સુધીના અનેક સ્ટાર ફૂટબોલરો ફીફા વર્લ્ડકપમાંથી 'આઉટ'

નવીદિલ્હી, તા.૧૬

ફૂટબોલપ્રેમીઓ જેની આતૂરતાથી રાહ જોઈ રહ્યા છે તે ફીફા વર્લ્ડકપને શરૂ થવામાં હવે ત્રણ દિવસ બાકી રહ્યા છે. કતરમાં રમાનારા ફીફા વર્લ્ડકપમાં આ વખતે અનેક દિગ્ગજ ખેલાડીઓ રમતાં જોવા મળશે નહીં. આ એવા ખેલાડી છે જેની રમતે ટીમ, ટૂર્નામેન્ટ અને ચાહકોને અત્યંત પ્રભાવિત કર્યા છે. ત્યારે આવા અનેક ખેલાડીઓ છે જેનો જલવો આ વખતના વર્લ્ડકપમાં જોવા મળશે નહીં.

ફીફા વિશ્વકપના ૨૦ દિવસ પહેલાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સના સ્ટાર મીડફિલ્ડર પૉલ પોગ્બા ઈજાને કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે.

પોગ્બા ૨૦૧૮માં વર્લ્ડ ચેમ્પિયન બનનારી ફ્રાન્સની ટીમનો હિસ્સો હતો. પ્રિ-સીઝનમાં પોગ્બાના ઘૂંટણમાં ઈજા પહોંચી હતી અને તે ઠીક કરવા માટે સપ્ટેમ્બરમાં તેની સર્જરી કરાઈ હતી. ૩૧ ઑક્ટોબરે તેના એજન્ટે કહ્યું કે તે વર્લ્ડકપ પહેલાં ન તો જુવેન્ટસ સાથે કે ન તો વર્લ્ડકપ માટે ઉતરે.

ચેલ્સી મિડફિલ્ડર એનગોલો કાંટે ૨૦૧૮માં ફ્રાન્સના વર્લ્ડકપ જીતવાના અભિયાનમાં એક મહત્ત્વપૂર્ણ સભ્ય હતો. ૩૧ વર્ષીય આ ખેલાડી હેમસ્ટ્રિંગની ઈજાને પગલે ઑક્ટોબરમાં એક સર્જરી બાદ ચાર મહિના રમતથી દૂર રહેશે. કાંટે માટે ૨૦૨૨નું વર્ષ ઈજાયુક્ત રહ્યું છે. આ જ કારણથી તે ઈંગ્લીશ પ્રિમીયર લીગની ચાલું સીઝનમાં પોતાના ક્લબ ચેલ્સી માટે માત્ર બે મેચમાં જોવા મળ્યો હતો.

જર્મન સ્ટ્રાઈકર ટીમો વર્નર ૨૦૨૨-૨૩ સીઝનમાં જૂના ક્લબ આર.બી.લીપજિગમાં પરત ફર્યા બાદ ફોર્મમાં હતો. વર્નરે આ સીઝનમાં ૧૬ મેચમાં નવ ગોલ કર્યા હતા. ૨૬ વર્ષીય આ ફોરવર્ડને જર્મનીની વિશ્વ કપ ટીમમાં પસંદ થવાનું નક્કી હતું પરંતુ તેનું સ્વપ્ન ૨ નવેમ્બરે તૂટી ગયું જ્યારે ડોનેસ્ક વિરુદ્ધ ચેમ્પિયન્સ લીગ મેચ દરમિયાન તેને ઘૂંટણમાં ઈજા પહોંચી હતી.

ઈંગ્લીશ ડિફેન્ડર રીસ જેમ્સ પોતાના પ્રથમ વિશ્વ કપ માટે ઈંગ્લેન્ડ ટીમ સાથે કતર જવા માટે તૈયાર હતો પરંતુ ઑક્ટોબરમાં એસી મીલાન વિરુદ્ધ ચેમ્પિયન્સ લીગ મેચ દરમિયાન ચેલ્સીના ડિફેન્ડરના ઘૂંટણમાં ઈજા પહોંચી હતી. જો કે આ પછી ૨૨ વર્ષીય રીસે અભ્યાસ શરૂ કર્યો હતો પરંતુ ઈંગ્લેન્ડના કોચ ગેરેથે ૧૦ નવેમ્બરે કહ્યું હતું કે તેને સંપૂર્ણ રીતે ફિટ થવામાં સમય લાગશે.

# રશિયાએ યુક્રેનમાં છોડી મિસાઈલ, પોલેન્ડમાં મિસાઈલ પડવાથી બે નાગરિકોના મોત



મોસ્કો,તા.૧૬

રશિયા-યુક્રેન યુદ્ધની વચ્ચે રશિયા દ્વારા છોડવામાં આવેલી બે મિસાઈલો યુક્રેન સરહદ પાસે નાટોના સભ્ય દેશ પોલેન્ડના વિસ્તારમાં પડી હતી. પોલેન્ડના મીડિયાને ટાંકિને રજુ થયેલા મીડિયા અહેવાલ અનુસાર પોલેન્ડ યુક્રેનની સરહદ પર લ્યુબ્લિન વોઈવોડશીપમાં પ્રિઝવોડોના વસ્તીવાળા વિસ્તારમાં બે મિસાઈલ પડ્યા. આ ઘટનામાં બે લોકોના મોત થયા છે, પોલીસ અને સેના ઘટનાસ્થળે કામ કરી રહી છે.

પોલેન્ડે આ મામલે રશિયાના રાજદૂતને બોલાવ્યા છે. પોલેન્ડના વિદેશ મંત્રાલય દ્વારા આ સંદર્ભમાં એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે.

મંત્રાલયના પ્રવક્તા લુકાજ જેસીનાએ કહ્યું કે અમે તાત્કાલિક આ ઘટના અંગે રશિયાના રાજદૂત પાસે વિગતવાર ખુલાસો માંગ્યો છે. મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ૧૫ નવેમ્બરે રશિયા તરફથી યુક્રેન પર ભારે હુમલો કરવામાં આવ્યો હતો અને સેનાએ તેના માળખાને પણ નષ્ટ કરી દીધા હતા. મધ્યરાત્રીના ૩.૪૦ વાગ્યે લ્યુબ્લિન પ્રાંતના હ્રુબિજોવ જિલ્લાના પ્રઝેવોડોવ ગામ પર રશિયન બનાવટની મિસાઈલ છોડવામાં આવી હતી અને તેના પરિણામે પોલેન્ડ પ્રજાસત્તાકના બે નાગરિકોના મૃત્યુ થયા હતા. એટલા માટે પોલેન્ડના વિદેશ પ્રધાન ઝબિગ્ન્યુ રાઉએ તાત્કાલિક રશિયન રાજદૂતને બોલાવીને આ ઘટના અંગે વિગતવાર ખુલાસો માંગ્યો છે.

માહિતી અનુસાર, પોલેન્ડના વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે તેના ક્ષેત્રમાં પડેલું રોકેટ રશિયામાં બનાવવામાં આવ્યું હતું. બીજી તરફ, નાટોની કલમ ૪ના આધારે પોલેન્ડ દ્વારા કરવામાં આવેલી વિનંતી હેઠળ, નાટોમાં સામેલ સભ્ય દેશોના રાજદૂતો આજે આ મામલે એક બેઠક કરશે. નાટોના આર્ટિકલ ૪ મુજબ, નાટોના સભ્યો, નાટો સભ્ય રાષ્ટ્રની સુરક્ષાને લઈને કોઈપણ મુદ્દો ઉઠાવી શકે છે. યુરોપિયન રાજદ્વારીઓને ટાંકીને આ માહિતી સામે આવી છે.

મોસ્કોએ પોલેન્ડ પર રશિયન મિસાઈલોના હુમલાના અહેવાલને 'ઉશ્કેરણી' ગણાવી છે તેમ ન્યૂઝ એજન્સી એએફપીએના અહેવાલ જણાવે છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે રશિયન મિસાઈલો પોલેન્ડના વિસ્તારમાં ત્રાટકી હતી.

અહેવાલનું વર્ણન કરતાં, તેને "યુદ્ધની વધતી જતી સ્થિતિ વચ્ચે ઈરાદાપૂર્વકની ઉશ્કેરણી" તરીકે વર્ણવવામાં આવ્યું હતું. રશિયન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે યુક્રેન-પોલેન્ડ સરહદને નિશાન બનાવીને રશિયન મિસાઈલો દ્વારા કોઈ હુમલા કરવામાં આવ્યા નથી.

## મિઝોરમ દુર્ઘટનાઃ વધુ ૩ મજૂરોના મોત, મૃત્યુઆંક ૧૧

મિઝોરમ, તા. ૧૬

મિઝોરમ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૧ પર પહોંચ્યો છે. વધુ ૩ મજૂરોના મૃતદેહ મળી આવ્યા છે. મિઝોરમમાં સોમવારે એક પથ્થરની ખાણ ધરાશાયી થઈ ગઈ હતી જેમાં ૧૨ મજૂરો ફસાયા હતા. અગાઉ ૮ મૃતદેહો મળી આવ્યા હતા અને હવે વધુ ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. આ દુર્ઘટનામાં ૧૨ મજૂરો ફસાયા હતા. જોકે, હજુ પણ એક મજૂર લાપતા છે. જોકે, આ દુર્ઘટનાનો શિકાર બનેલા મોટા ભાગના મજૂરો બિહાર અને પશ્ચિમ બંગાળના રહેવાસી હતા. આ ઘટનાની જાણ થતા જ SDRF, BSF અને આસામ રાઈફલ્સની ટીમે ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય હાથ ધર્યું હતું. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ એક મોટી પથ્થરની ખાણ છે. ખાણકામમાં રોકાયેલા ૧૨ મજૂરો ફસાઈ ગયા હતા. આ અકસ્માત હનાથિયાલ જિલ્લામાં થયો હતો. અચાનક થયેલા અકસ્માતને કારણે ત્યાં હાજર મજૂરોને ભાગવાની તક પણ મળી ન હતી.

# પંઢરપુર થી ઘુમાન માટે નીકળેલ નામદેવ રથ અને સાઇકલ યાત્રા આજ રોજ અંબાજી ખાતે આવી પહોંચી

**નામદેવ છીપા સમાજ અંબાજી, દાંતા , પોશીના દ્વારા સાઇકલ યાત્રિકો નું સ્વાગત કરવામાં આવ્યું.... મહારાષ્ટ્ર થી શરૂ થયેલ આ યાત્રા ગુજ,રાજ, હરિયાણા થઈ પંજાબ પહોંચશે......**




વી ઓ

અંબાજી - મહારાષ્ટ્ર ના પંઢરપુર થી શ્રી ક્ષેત્ર ઘુમાંન( પંજાબ) માટે નીકળેલ સાઈકલ અને રથ યાત્રા આજ રોજ અંબાજી ખાતે આવી પહોંચી હતી.જેમાં નામદેવ છીપા સમાજ અંબાજી - દાંતા અને પોશીના દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અંબાજી આવી પહોંચેલ ૧૧૦ સાઈકલ યાત્રિકો - રથ સાથે રાજસ્થાન જવા તરફ આગળ વધ્યા હતા.

**૧૧૦ સાઈકલ સવાર - રથ સાથે ૨૩૦૦ કી.મી.ની યાત્રા ખેડશે....**

ભાગવત ધર્મ પ્રસારક સમિતિ, પાલકી સોહલા પત્રકાર સંઘ અને નામદેવ સમાજોન્નતિ પરિષદ દ્વારા શ્રી ક્ષેત્ર પંઢરપુરથી શ્રી ક્ષેત્ર ઘુમાન સુધીની ૨૩૦૦ કિલોમીટરની સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.યાત્રા નો શુભારંભ ૪નવેમ્બર ના રોજ કરાયો હતો જે ૪ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ પૂર્ણ થશે.

સંત શિરોમણી શ્રી નામદેવજી મહારાજની ૭૫૨મી જન્મજયંતિ નિમિત્તે સંત નામદેવ મહારાજ રથ અને સાયકલ યાત્રા શ્રી ક્ષેત્ર પંઢરપુર (મહારાષ્ટ્ર) થી શ્રી ક્ષેત્ર ઘુમાન (પંજાબ) માટે નીકળી અને મહારાષ્ટ્ર, ગુજરાત થઈ રાજસ્થાનમાં, સુમેરપુર, પાલી, બરસાધામ, સોજાત રોડ, ઝુથા, આનંદપુર કાલુ, મેડટાસિટી, દેગાના, લદનુન, રતનગઢ, ચુરુ અને હરિયાણા જશે. આ યાત્રા રાજસ્થાનમાં સાત દિવસ સુધી ચાલશે. કાર્તિક સુદ બીજ થી આ યાત્રા એકાદશી, સંત નામદેવ મહારાજની ૭૫૨મી જન્મજયંતિ, સંત જ્ઞાનેશ્વર મૌલીની ૭૨૫મી સંજીવની સમાધિ અને ગુરુ નાનક જયંતિ નિમિત્તે યોજવામાં આવી છે.યાત્રાનું ઉદ્‌ઘાટન સંતના જન્મસ્થળ પંઢરપુરથી મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કર્યું હતું જે રાજભવન, ચંદીગઢ ખાતે પંજાબના ગવર્નર શ્રી બનવારીલાલ પુરોહિત દ્વારા તેનું સમાપન કરવામાં આવશે.

આ યાત્રામાં ૧૧૦ જેટલા સાઈકલ સવારોએ ભાગ લીધો છે જેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સાઈકલ ચલાવી છે અને ૫૦ વર્ષથી વધુ ઉંમરના છે.

જેમાં ૧૫ મહિલાઓ છે. આ રથ અને સાયકલ યાત્રાના આયોજક અને ભાગવત ધર્મ પ્રસારક સમિતિના સ્થાપક પ્રમુખ સૂર્યકાંત ભીસેએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્તરે શરૂ થનારી આ પ્રથમ આધ્યાત્મિક યાત્રા છે અને આ યાત્રા દ્વારા ભાગવત ધર્મના શાંતિ, સમાનતા અને ભાઈચારાના વિચારોનો પ્રચાર કરવામાં આવશે.

રિપોર્ટર
સાગર શર્મા અંબાજી

# ગુજરાતીઓ હવે કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે આગામી ૩ દિવસ સૌરાષ્ટ્ર સહિત કચ્છમાં કોલ્ડવેવની હવામાન વિભાગ દ્વારા આગાહી



અમદાવાદ,તા.૧૬

ઉત્તર ભારતમાં ભારે હિમવર્ષાના કારણે ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. અમદાવાદ સહિતના અનેક શહેરોના તાપમાનમાં હાલ ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં પણ છેલ્લા બે દિવસથી ઠંડીનો અહેસાસ થઇ રહ્યો છે. રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર સહિત મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ગગડ્યો છે ત્યારે નલિયામાં રાજ્યનું ગઇકાલે ૧૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગાંધીનગરમાં પણ પારો ૧૫ ડિગ્રી નીચે જોવા મળ્યો હતો. આગામી ૩ દિવસ સૌરાષ્ટ્ર સહિત કચ્છમાં કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાનનો પારો ૧૧ ડિગ્રીએ પહોંચ્યો છે એવામાં લોકો ઠંઠવાતા તાપણાનો સહારો લેતા જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગે રાજ્યમાં ઠંડીને લઈને આગાહી કરી છે કે હજુ પણ ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાઈ શકે છે, રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધી શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, સોમવારથી રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૬ થી ૧૮ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. આગામી ૩ દિવસ સુધી સૌરાષ્ટ્ર સહિત કચ્છમાં કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેના કારણે રાત્રે પરોઢે ફૂલ ગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યભરમાં ઠંડી વધે તેવી શક્યતા છે. આ વર્ષે શિયાળાએ પોતાનો પરચો બતાવવાનું શરૂ કરી દીધું છે અને જોરદાર ઠંડી પડે તેવી વકી છે પવનની સરેરાશ ઝડપ પણ ૯ થી ૧૦ કિલોમીટર પ્રતિકલાકે રહેતા પરોઢે અને મોડી રાત્રે જોરદાર ઠંડી વર્તાઇ રહી છે.

નલિયામાં આજે સીઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો. નલિયામાં ૨.૫ ડિગ્રી, પાટણમાં ૮.૮ ડિગ્રી, ડીસામાં ૮.૮ ડિગ્રી, ભુજમાં ૧૦ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૨ ડિગ્રી, અમદાવાદમાં ૧૨.૭ ડિગ્રી અને અમરેલીમાં ૧૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધશે.હવામાન વિભાગના મતે કચ્છના વિસ્તારમાં સિવિયર કોલ્ડવેવની અસર અનુભવાશે. ઉત્તર-પૂર્વીય ઠંડા પવનનો જોર વધતા ગુજરાત સહિત કચ્છમાં ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાયો છે. કચ્છના નલિયામાં ઠંડીનો પારો નીચે ગગડતા કોલ્ડસીટી ગણાતા નલિયા સતત રાજ્યનું સૌથી ઠંડું શહેર બની રહ્યું છે. એકાએક ઠંડી પારો ગગડીને નીચો જતા કચ્છના લોકો ઠંડીથી ઠુંઠવાઈ રહ્યા છે.


નોંધનીય છે કે, ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજું યથાવત રહ્યું હતું. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, મધ્યપ્રદેશ, બિહાર જેવા કેટલાય રાજ્યોમાં તાપમાનનો પારો ગગડી જતાં હાડ ગાળતી ઠંડી પડી હતી. તેના કારણે જનજીવન ખોરવાયું હતું. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં બરફવર્ષાની આગાહી થઈ છે. પાટનગર દિલ્હીમાં વહેલી સવારથી જ ઠંડો પવન ફૂંકાયો હતો.

# ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગના ૧૩૫૦ મતદાન મથકો માટે ૧૫૫ ઝોનલ રૂટ નક્કી કરાયા

**જિલ્લાના પાંચેય મતદાર વિભાગના ઝોનલ રૂટની બસો જીપીએસ સિસ્ટમથી સજ્જ**

ગાંધીનગર, મંગળવારઃ

લોકશાહીના મહાપર્વ સમાન વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે આગામી તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ મતદાન યોજાશે. જેમાં જિલ્લાના કુલ ૧૩,૨૫,૬૦૪ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આ સમગ્ર મતદાન પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે જિલ્લાની પાંચ બેઠકો પર કુલ ૧૫૫ ઝોનલ રૂટ નક્કી કરી તેમના માટે ઝોનલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે.ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર આદર્શ અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ તમામ બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. મતદાનની તમામ પ્રક્રિયાઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે દહેગામ, ગાંધીનગર(ઉ), ગાંધીનગર(દ), માણસા અને કલોલ બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા પોતાના મતવિસ્તારના મતદાન મથકો અનુસાર રૂટ નક્કી કરવામાં આવ્યા છે. આ માટે ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગની બેઠકો પર કુલ ૧૩૫૦ મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા યોજાશે. જેમાં દહેગામમાં ૨૫૫, ગાંધીનગર(દ)માં ૩૫૧, ગાંધીનગર(ઉ)માં ૨૪૨, માણસામાં ૨૬૫ અને કલોલમાં ૨૩૭ મતદાન મથકોનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકો પર મતદાન મથક અનુસાર ઝોનલ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. દહેગામ બેઠક માટે કુલ- ૨૬, ગાંધીનગર(ઉ) બેઠક માટે ૩૧, ગાંધીનગર(દ) માટે ૩૯, માણસા બેઠક માટે ૨૯ અને કલોલ બેઠક માટે ૩૦ ઝોનલ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. એક રૂટમાં વધુમાં વધુ ૧૦ મતદાન મથકોનો સમાવેશ કરવામાં આવે છે. ઝોનલ રૂટ અનુસાર બસના રૂટ પણ નક્કી કરી દેવામાં આવ્યા છે. આ તમામ બસો જીપીએસ સિસ્ટમથી કનેક્ટ હશે.



વડગામ વિધાનસભા બેઠક પરથી આજરોજ મણીભાઈ વાઘેલાએ વડગામ મગરવાડા રોડ પર સભા ને સંબોધ્યા બાદ મામલતદાર કચેરીમાં ખાતે આવી ભાજપ ના કાયકરો સાથે પોતાનુ ઉમેદવારી પત્ર ભરયુ હતુ વડગામ સીટ પર મણીભાઈ વાઘેલાઅને જિગ્નેશ મેવાણી વચચે કાંટા ની ટકકર છે અહેવાલ સુરેશ રાવલ

**ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૨**

# ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં તા.૧૫મી નવેમ્બરના રોજ ૫૪ ઉમેદવારી પત્રોનું વિતરણ કરાયું

**જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકમાં તા.૧૫મી નવેમ્બરના રોજ નવ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંઘાવી**

ગાંધીનગર : મંગળવાર :

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગની બેઠકો ઉપર આજે તા. ૧૫મી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ કુલ- ૫૪ ઉમેદવારી ફોર્મનું વિતરણ થયું છે.

જેમાંથી કુલ નવ ઉમેદવારી પત્રો ભરીને પરત આવ્યા છે.

આગામી તા. ૦૫મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં મતદાન યોજાનાર છે. આજે ઉમેદવારી પત્ર ભરવાનો અને ભરીને પરત આપવાનો પાંચમો દિવસ હતો. જે અંતર્ગત આજે તા. ૧૫મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાંથી કુલ- ૫૪ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે. જેમાં દહેગામમાંથી ૯, ગાંધીનગર(દ)માંથી ૭, ગાંધીનગર(ઉ)માંથી ૧૫, માણસામાંથી ૧૪ અને કલોલમાંથી ૯ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે.

ગાંધીનગર જિલ્લાની દહેગામની બેઠક માટે બે, ગાંધીનગર(દ)ની બેઠક માટે એક, ગાંધીનગર(ઉ)ની બેઠક માટે બે, માણસાની બેઠક માટે બે અને કલોલની બેઠક માટે બે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંઘાવી છે. આજના દિવસમાં કુલ- ૯ ઉમેદવારી પત્રો ભરીને પરત આવ્યા છે.



ગાંધીનગર ઉત્તર વિધાનસભા ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુકેશ પટેલ ગઈકાલે સેક્ટર ૨ સ્વામિનારાયણ મંદિર.ઉમિયા ધામ દર્શન કરીને ૧૨:૩૯ મિનિટે કલેકટર ઓફિસ ફોર્મ ભર્યું હતું



લોકશાહીના અવસર સમી ચૂંટણી ગુજરાતના આંગણે આવી છે. લોકશાહીના મુખ્ય આધારસ્તંભ મતદારો પોતાની નૈતિક ફરજ સમજી મતદાન કરે અને મતદાન કરવું કેમ જરૂરી છે, તેની જાગૃત્તિ આવે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે ‘અવસર લોકશાહીનો’ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તંદુરસ્ત લોકશાહી માટે મતદાનની આવશ્યકતા અને અનિવાર્યતા દર્શાવવા માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન વધારવાના ઉમદા આશયથી સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત મંગળવારે ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં મતદાન જાગૃત્તિના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા માનવ સાંકળ રચીને ‘વોટ’ શબ્દ રચીને મતદાનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.



પાટીદાર આંદોલન ના એક સમય ના દમદાર મહિલા નેતા રેશમા પટેલ એન.સી.પી માથી રાજીનામું આપીને આમ આદમી પાર્ટીમાં રાઘવ ચઢ્ઢા ના હાથે ખેસ પહેરી જોડાયા....વિરમગામ ભાજપ ના પક્ષપલટો કરીને આવેલા હાર્દિક પટેલ ઉમેદવાર સામે રેશમા પટેલ ચૂંટણી લડી શકે છે




**બેસણું**

અમારા પૂ. વડીલ શ્રી અશ્વીનકુમાર વ્યાસ (ઉ.૯૭) તા. ૧૫-૧૧-૨૨ના રોજ હાટકેશશરણ થયા છે.
સદ્‌ગતનું બેસણું તારીખ ૧૭-૧૧-૨૦૨૨ ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે
સ્થળઃ સિંધુ ભવન, સિંધુ ભવન માર્ગ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.

લિ.

યમલ અશ્વીનકુમાર વ્યાસ (મુખ્ય પ્રવકતા, પ્રદેશ ભાજપ)
રુદ્રાબેન અશ્વીનકુમાર વ્યાસ
જયશ્રી અશ્વીનકુમાર વ્યાસ (મેનેજીંગ ડિરેક્ટર, સેવા બેંક)
સ્મિતા યમલ વ્યાસ
મિનલ અતુલ પંડ્યા
અતુલ રતીલાલ પંડ્યા
શ્રીદેવી અસીત પંડ્યા
અસીત નરેન્દ્ર પંડ્યા
વૈષ્ણવી ફણીરામ થંગીરાલા
ફણીરામ થંગીરાલા
વાસવી નીલ વોરા
નીલ તુષારભાઇ વોરા


# સાત શ્રમિકોના મોતના ચકચારભર્યા કેસમાં આરોપી કોન્ટ્રાકટરને જામીન આપવાનો હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદ,તા.૧૬

ગુજરાત યુનિવર્સિટી પાસે એડોર એસ્પાયર ટુ બિલ્ડીંગના બાંધકામ દરમ્યાન લીફ્ટ તૂટી પડવાની દુર્ઘટનામાં સાત નિર્દોષ શ્રમિકોના મોતના ચકચારભર્યા કેસમાં આરોપી કોન્ટ્રાકટર સૌરભ કમલેશભાઇ શાહને જામીન આપવાનો ગુજરાત હાઇકોર્ટે આજે સાફ ઈન્કાર કરી દીધો હતો. જસ્ટિસ સમીર જે.દવેએ આરોપીપક્ષને સાફ સુણાવ્યું કે, આ કેસમાં પોલીસ દ્વારા ચાર્જશીટ દાખલ થઇ ગયુ છે, તેથી હાલના તબક્કે આરોપીને હાઇકોર્ટમાંથી જામીન મળવાપાત્ર નથી. આરોપીને નીચલી કોર્ટમાં જામીન અરજી કરવાની કોર્ટે સ્વતંત્રતા આપી હતી.

આ કેસમાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ નૈમીશ કિરીટભાઇ પટેલ અને દિનેશ મણિલાલ પ્રજાપતિ દ્વારા પણ હાઇકોર્ટમાં જામીન અરજી કરાઇ છે, જે પણ આવતીકાલે જસ્ટિસ સમીર જે.દવેની કોર્ટમાં જ સુનાવણી અર્થે નીકળનાર છે. પરંતુ આ કેસમાં ચાર્જશીટ ફાઇલ થઇ ગયુ હોય તે ગ્રાઉન્ડ પર હવે આ બંને આરોપીઓની જામીન અરજી પણ આવતીકાલે પાછી ખેંચાય તેવી શકયતા છે.

આરોપી કોન્ટ્રાક્ટર સૌરભ શાહની જામીન અરજીની સુનાવણી દરમ્યાન આજે જસ્ટિસ સમીર જે.દવેએ આરોપીને કેસની ગંભીરતા જોતાં જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે, આ કેસમાં ચાર્જશીટ દાખલ થઇ ગયુ છે, આરોપીની અરજી ચાર્જશીટ પહેલાં દાખલ થયેલી છે, તેથી હવે તમે નીચલી કોર્ટમાં જઇને આવો. આ કેસમાં રાજય સરકાર તરફથી અધિક સરકારી વકીલ જશવંત કે.શાહ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી પોલીસે આ કેસમાં ત્રણ આરોપીઓ સૌરભ કમલેશભાઇ શાહ, નૈમીશ કિરીટભાઇ પટેલ અને દિનેશ મણિલાલ પ્રજાપતિ વિરૂધ્ધ ગઇકાલે જ મેટ્રોપોલીટન કોર્ટમાં સાપરાધ મનુષ્ય વધ સહિતની ગંભીર કલમો હેઠળ બહુ મહત્ત્વનું અને એક હજાર પાનાનું દળદાર ચાર્જશીટ અત્રેની ઋમેટ્રોપોલીટન કોર્ટમાં દાખલ કર્યું છે.

જેમાં પંચ, તપાસ કરનાર અધિકારી સહિત ૫૧ સાક્ષીઓના નિવેદન રજૂ કરવામાં આવ્યા છે.

# ભાવનગરના માલણકા હત્યા કેસમાં બે ભાઈઓને આજીવન કેદની સજા

ભાવનગર,તા.૧૬

અઢી વર્ષ પૂર્વે ભાવનગર નજીકના માલણકા ગામે હાથ ઉછીના આપેલા નાણાની ઉઘરાણી કરતા બે ભાઈઓએ છરીઓના ઘા ઝીંકી આધેડની કરેલી હત્યાનો કેસ ભાવનગર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા બન્ને શખ્સોને હત્યાના ગુનામાં કસુરવાર ઠેરવી ડિસ્ટ્રીકટ જજ પીરઝાદાએ આજીવન કેદની સજા ફટકારી હતી.બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગત તા.૩૦-૫-૨૦૨૦ના રોજ રાત્રીના સમયે માલણકા ગામે રહેતા રમેશભાઈ મનજીભાઈ બારૈયાની છરીઓના ઘા ઝીંકી તે જ ગામના નિલેશ ગીગા બારૈયા તથા નિતેશ ગીગા બારૈયાએ હત્યા કરી હોવાની ફરીયાદ રમેશભાઈના પુત્ર હિતેશભાઈએ વરતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે હત્યા સહિતની કલમો સાથે ગુનો નોંધી બન્ને શખ્સોની અટકાયત કરેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ રમેશભાઈએ ગીગાભાઈને રૂા. ૫૦ હજાર હાથ ઉછી આપેલા

જેની રમેશભાઈ ઉઘરાણી કરતા ગિગાભાઈના પુત્રોને પસંદ ન હોય તેમણે રમેશભાઈની છરીઓના ઘા ઝીકી હત્યા કરેલ આ બનાવ અંગેનો કેસ ભાવનગર ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકિલ ધ્રુવભાઈ મહેતાની દલિલો સાક્ષી પુરાવા વિગેરે ગ્રાહ્ય રાખી નિતેષ તથા નિલેશને કસુરવાર ઠેરવી ડિસ્ટ્રીકટ જજ એલ.એસ.પીરઝાદાએ આજીવન કેદની સજા ફટકારી હતી.

# ગીરસોમનાથમાં ધારાસભ્ય લખેલી કારમાંથી પકડાયો દારૂનો જથ્થો

ગીર સોમનાથ,તા.૧૬

ગીર સોમનાથ ઉનામાં પાલિતાણાના તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ઉનામાં ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે ઝડપાયા છે. ચેતનભાઇ ડાભી હાલ તાલુકા પંચાયતના ઉપપ્રમુખનો હોદ્દો ધરાવે છે. ધારાસભ્ય ગુજરાત લખેલી ગાડીમાં તેઓ દારુ સાથે પકડાયા હતા. ભાજપના નેતા વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાતા પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસે ફરિયાદ દાખલ કરી તજવીજ હાથ ધરી છે. કુલ ૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ચૂંટણી સમયે આચારસંહિતા લાગુ થઈ જાય છે, જેથી પોલીસનું ચેકિંગ વધી જાય છે. આમ તો ગુજરાતમા છાશવારે દારૂ પકડાતો હોય છે, પરંતુ ગીરસોમનાથાં ચૂંટણી સમયે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. સામાન્ય રીતે ધારાસભ્ય લખેલી ગાડીઓને સલામ મારીને જવા દેવી પડે છે. પંરતું ગીર સોમનાથ પોલીસે માંડવી ચેકપોસ્ટ પર એમએલએ ગુજરાત લખેલી નવીનકોર ઈનોવા કારને પોલીસે રોકી હતી. ત્યારે ગાડીમાં ભાવનગરના કોઈ નેતાજીએ મંગાવેલો મોટી માત્રામાં દારૂ ઝડપાયો હતો. આ બાદ પોલીસને ભલામણોનો દોર શરૂ થયો. પોલીસ દ્વારા પાલીતાણા ડુંગરપુરના બે ઈસમ અને ૧ ગીર સોમનાથના યુવાનની ધરપકડ કરાઈ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.